અનુસૂચિત જનજાતિના આદિમજુથ તથા
અતિપછાત વિદ્યાર્થીઓને ગણવેશ
સહાયના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પવછ/૨૦૨૦૧૬/૬૦૮/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૯/૨૦૧૬

વંચાણે લીધો:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૫૨૦૧૨/૯૩/ન.બા.૧૯૭/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ શક્ષણ/૨૦૨૦૧૫/૭૭૧/ગ

(૩) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૭/૦૭/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ આવિ/શિક્ષણ/ફા.નં..૯૯૫/૨૦૧૬-૧૭/વશી-૭૫૦

ઠરાવ:-

અનુસૂચિત જનજાતિઓના સામાજિક ઉત્કર્ષ માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. આદિજાતિઓને આર્થિક નબળી પરિસ્થિતિઓના કારણે તેઓના બાળકો શિક્ષણથી વંચિત રહેવા ન પામે અને ઉત્તરોત્તર શિક્ષણનો વ્યાપ વધે તેવા આશયથી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને બે જોડી ગણવેશ આપવાની યોજનાના હાલના દરોમાં વધારો વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી કરવામાં આવેલ હતો. અનુસૂચિત જનજાતિ પૈકીની અતિપછાત હળપતિ અને તળાવિયા જાતિના અને આદિમજુથના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ગણવેશ સહાય પેટે અલગથી સહાય ચૂકવવામાં આવતી નથી. પરંતુ તેઓને ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિની રકમમાં જ પુસ્તકો, કપડા વિગેરેનો સમાવેશ કરી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવે છે.

આદિમજુથના બાળકોને અલગથી ગણવેશ સહાય આપવામાં આવતી ન હોવાથી તેમને ગણવેશ સહાય સાથે આપવામાં આવતી શિષ્યવૃત્તિ અને આદિમજુથ સિવાયના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય સાથે ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિની રકમમાં વિસંગતતા ઉભી થયેલ. આ વિસંગતતા દુર કરવા અનુસૂચિત જનજાતિ પૈકીની અતિપછાત હળપતિ અને તળાવિયા જાતિના અને આદિમજુથના ધોરણ-૧ થી ૮ના

વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે રૂ.૩૦૦/- અલગથી ચૂકવવા અંગે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના કમિશનરશ્રી (આ.વિ.)ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત રજુ કરવામાં આવેલ. જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આદિમજુથ તેમજ અનુસૂચિત જનજાતિ પૈકીની અતિપછાત હળપતિ અને તળાવિયા જાતિના ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અલગથી રૂ.૩૦૦/- ગણવેશ સહાય પેટે ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૬ (આયોજન), મુખ્ય સદરઃ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-(3) VKY-159 વિદ્યાર્થીઓને ગણવેશ સહાય તેમજ માંગણી ક્રમાંકઃ ૯૩ (આયોજન) મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-૭ VKY-159 વિદ્યાર્થીઓને ગણવેશ સહાય હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૧૫/૦૯/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
નાણા સલાહકારશ્રી (આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.

E:\G-BRANCH-T\Tharav\Ganvesh Sahay.docx

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિલેક્ટ ફાઈલ.